R.N.I. No. MAHBIL/2020/79181

પ્રકાશ સમીક્ષા

Since 1924...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૧મું

VOLUME : 05 • ISSUE : 24 • PAGES : 36 • MUMBAI • DATE : 20TH OCTOBER 2025

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# નૂતન વર્ષાભિનંદન



- CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150

**સમયના ફરતા રહેતા ચક્રમાં વર્ષો વીતતા જાય છે. વિ.સં. ૨૦૮૧નું વર્ષ પૂર્ણ થયું અને ૨૦૮૨નું નવું વર્ષ પ્રારંભ થઈ ચુક્યું છે ત્યારે સર્વે જ્ઞાતિજનો માટે નવું વરસ સુખ-શાંતિ-સમૃદ્ધિ તથા સંતોષદાયક બની રહે એવી અંતઃકરણપૂર્વક શુભેચ્છાઓ સહ સર્વે જ્ઞાતિજનોને નૂતન વર્ષાભિનંદન.**

ભારતીય સંસ્કૃતિમાં તહેવારોની ઉજવણી ધર્મ - સંસ્કાર અને સમાજની એકતા સાથે સંકળાયેલી છે. ખૂબ જ ઉદ્દેશપૂર્ણ રીતે ઊજવાતા ઉત્સવો અનેરો સંદેશ આપી જાય છે. રક્ષાબંધન ભાઈ બહેનના શુદ્ધ સ્નેહને ઉજાગર કરે છે. બહેન ભાઈનું શુભ ઈચ્છે છે જેના પ્રતિક રૂપે રાખડી બાંધે છે અને ભાઈ બહેનને ભેટ સોગાદ આપી બહેન સાથે હોવાનું, બહેનની સુરક્ષાનું વચન આપે છે. જન્માષ્ટમીમાં ભગવાન શ્રી કૃષ્ણનો જન્મદિવસ ઊજવાય છે તેમાં પણ મુંબઈનો દહીંહાંડી ઉત્સવ શ્રદ્ધા અને સાહસનો સમન્વય બની રહે છે. પર્યુષણ પર્વમાં ધર્મ આરાધના અને તપ દ્વારા જીવનને સુવ્યવસ્થિત કરવાનો આયામ તથા જીવદયાનાં સત્કાર્યો કરવાનું માધ્યમ બને છે. ગણેશોત્સવની ઉજવણી સામાજિક એકતા અને સનાતન સંસ્કૃતિનું મંચ બને છે. મનુષ્ય ઉત્સવપ્રેમી છે, ઉત્સવોની ઉજવણી દ્વારા જીવનને નવા આયામ આપવાનો પ્રયત્ન કરે છે અને ઉત્સાહમાં વૃદ્ધિ કરે છે.

પારંપરિક ઉત્સવોની આ શ્રૃંખલામાં શક્તિ પર્વ નવરાત્રિની ઉમંગભેર ઉજવણી થઈ. ભારતીય પરંપરાગત આ તહેવાર નારીશક્તિના વંદન-પૂજનનો છે. પ્રાચીન ભારતમાં સ્ત્રીને હંમેશાં સન્માન આપવામાં આવતું હતું.

સ્ત્રીઓ સુશિક્ષિત હતી અને શ્રેષ્ઠ વ્યક્તિત્વ ધરાવતી હતી એનાં અનેક પ્રમાણો આપણા પ્રાચીન ગ્રંથોમાં વાંચવા મળે છે. ઋષિ પત્નીઓ આશ્રમમાં શિક્ષા અર્જિત કરવા આવતાં બાળકોને સ્નેહથી સંભાળતી હતી અને તેમનામાં સંસ્કારોનું સિંચન કરવામાં પણ સહયોગી બની રહેતી હતી.

નવરાત્રિ ઉત્સવની ઉજવણી એટલે આપણા ઘર, પરિવાર, ગામ, દેશ અને સમાજની દરેક સ્ત્રીઓ પ્રતિ સન્માન દર્શાવવું, મહિલાઓનો આદર કરવો તથા નારીશક્તિને વિકસિત થવા તક આપવી, એવો મારો મત છે. આ જગતમાં ૫૦% વસ્તી મહિલાઓની છે એટલે સંસાધનો પર અડધો હિસ્સો એમનો ગણવો જોઈએ. વિકાસ માટે સમાન તકો મહિલાઓને મળવી જોઈએ. અત્યાચાર ન થવો જોઈએ. શોષણ અને બળાત્કાર જેવા દુષ્કૃત્યો ન થાય એ જ નવરાત્રિ ઉત્સવની ઉજવણીની સાર્થકતા ગણી શકાય.

ભારતના ઈતિહાસ તરફ દૃષ્ટિ કરીશું તો અનેક ભારતીય નારીઓએ ઉત્તમ શાસક બની રાજ પણ કર્યું છે. વિધર્મીઓના આક્રમણોનો બહાદુરીપૂર્વક મુકાબલો પણ કર્યો છે. વિધર્મી શાસકોના જુલમી શાસન દરમિયાન મહિલાઓ ઉપરના અત્યાચારો ખૂબ જ વધી ગયા હતા ત્યારે માતા-પિતા પાસે દીકરીઓને ઘરમાં ગોંધી રાખવા સિવાય અન્ય કોઈ રસ્તો નહોતો અને તેથી સ્ત્રીઓને અશિક્ષિત રાખવાની કુપ્રથા શરૂ થઈ. ત્રણસો ચારસો વર્ષની જાલિમ શાસન વ્યવસ્થામાં સ્ત્રીને સુરક્ષિત રાખવા છુપાવી રાખવાની પદ્ધતિ પેઢી દર પેઢી આગળ વધી જેના ખરાબ પરિણામો ભારતીય નારીઓએ ભોગવ્યાં છે. ઓછેવત્તે અંશે હજુ પણ નારીશક્તિનું શોષણ થાય છે , જેને દૂર કરવું જોઈએ એ જ માતાજીની સાચી પૂજા અર્ચના ગણાશે.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના

ઍડ. શૈલેશ સનત્ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતસી શાહ

શિલ્પાબેન અજાણી

જયંત વિશનજી છેડા

ઍડ. કેતન મધુકાંત લોડાયા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૫, અંક : ૨૪, તા. ૨૦-૧૦-૨૦૨૫**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. - **તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## જાહેરાતની રકમ ભરવા બેંક એકાઉન્ટની વિગત

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાતની રકમ ભરનારાઓએ ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન





લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૫૧)

**(ગતાંકથી ચાલુ)**



**પાર્શ્વવલ્લભ – નખત્રાણા**

કચ્છમાં જ્યાં મોટા તીર્થો આવેલા છે ત્યાં શ્રી દેરાસરજીમાં રાત્રે ભક્તિ ભાવના આપણાં મુસ્લિમ બિરાદરો કરે છે અને તે પણ રાગ-રાગીણી સાથે આ પરંપરાનો હું છેલ્લા ૪૦ વર્ષથી સાક્ષી છું.

યાદોની વૃંદાવનમાં ફરતા મને બરાબર યાદ આવે છે કે મુંબઈથી આવતા અમે ભદ્રેશ્વર તીર્થે રાત્રી મુકામ કરતા, દિવસનાં આજુબાજુમાં આવેલ વાંકી પત્રી, ગુંદાલા ઈત્યાદિ સ્થળે દેવ દર્શન કરતાં અને રાત્રે ભદ્રેશ્વર તીર્થે પાછા ફરતા.

તે જમાનામાં આજથી ૪૦ વર્ષ પૂર્વ રફીકમિયાંના પિતાશ્રી રફીક મહમદ ઝેરીયા ભાવપૂર્વક ભાવના કરાવતા. તેમનું જાણીતું સ્તવન હતું, **''પ્રભુ તારૂં ગીત મારે ગાવું છે''** આટલું જ નહીં પણ સવારનાં ૬ વાગ્યે દેરાસરજીમાં સરસ નોબત વગાડતાં અને નાના રફીકમિયાં શરણાઈ પર સાથ આપતાં.

ત્યારબાદ ૨૦૦૩માં મુંબઈમાં નિવૃત થઈ કચ્છ સ્થાયી થવા ગયો અને ૭૨ જિનાલયની પાસે ગુણપુરીમાં રહેઠાણ મળ્યું અને મેં તો અઠે દ્વારકા કઈ મારી કર્મભૂમિ ત્યાં બતાવી અહીં રફીકમિયાંને ૧૯ વર્ષ સુધી ભાવનાં ભણાવતાં મેં સાંભળી છે. ૭૨ જિનાલય રફીકમિયાંને લાવવાનું શ્રેય આપણા વિધિકાર શ્રી ચંદ્રકાંત દેઢિયાને જાય છે. તેઓ પણ એક સારા ગાયક છે અને ભાવના-પૂંજા ભણાવવામાં પોતાનો સાથ આપે છે. કચ્છમાં થતા અનુષ્ઠાનોમાં તેમની હાજરી વર્તાઈ આવે છે.

હું જ્યારે નિવૃત થઈ કચ્છમાં આવ્યો ત્યારે મારા હૃદયનાં ઓપરેશનને લગભગ ૬ વર્ષ થયા હતા. ૭૨ જિનાલયની ભાવનામાં હું ચામર રમતો જેનાથી મને આનંદ પણ થતો અને મારી **Exercise** પણ થતી જેથી મારું હૃદય ધબકતું રહે.

અમે જ્યારે પાર્શ્વવલ્લભ તીર્થનાં દરવાજે પહોંચ્યા તો સ્તવનનાં સૂરો સંભળાવા લાગ્યા. અરજણભાઈ પણ આજે મુડમાં હતા અને પેટી (હાર્મોનિયમ) પોતાની તરફ ખેંચી સારેગમનાં સૂર મેળવી **''ઝગમગતા તારલાનું દેરાસર હોજો''**ની બંદિશ છેડી અને અમે બધા ઝાંઝપખા અથવા તાળીથી સાથ દેવા લાગ્યા.

અહિંયા રફીકમિયાંનો ૮ થી ૧૦ વર્ષનો સ્કુલમાં ભણતો ભાણેજ સુલતાનમિયાં પણ સ્તવન લલકારતા અને તેમનું પ્રિય ભજન હતું તેમના પાઠ્યપુસ્તકની કવિતા **''હે યે પાવનભૂમિ યહાં બાર બાર આના.''**

અમારા યાત્રિકોમાંથી પણ કેટલાકે તાનસેન બનવાનું નક્કી કર્યું અને ગાવા લાગ્યા અમારા કાનસેન પણ સાથ પૂરાવા લાગ્યા.

સ્તવન સાંભળતા કેટલાક હવે નિંદ્રાદેવીને ખોળે ઝુલવા લાગ્યા તેથી જય બોલાતી, મુખ્ય પુજારી વધાઈ ગાવા લાગ્યા.

**''મારા નાથની વધાઈ વાગે છે,**
**મારા પ્રભુની વધાઈ વાગે છે, શરણાઈ સૂર નોબત વાજે,**
**ઔર ગગન ધન ગાજે છે.**
**મારા નાથની વધાઈ વાગે છે.**
**સેવક પ્રભુજી સે અરજ કરત હૈ, ચરણ કી સેવા પ્યારી લાગે રે,**
**મારા નાથની વધાઈ વાગે છે...''**

વધાઈ બાદ સૌ પોતપોતાની રૂમ તરફ વળ્યા હું અને અરજણભાઈ આવતી કાલનાં અમારી યાત્રા વિશે ચર્ચા કરવા ઓટલા પર ગોઠવાયા... (વધુ આવતાં અંકે...)



**Manmohansinh Fosil park**

શ્રી મહાવીરાય નમઃ શ્રી આદેશ્વર દાદાએ નમઃ

# બાયઠ કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન ટ્રસ્ટ

ગામ-બાયઠ, તા-માંડવી, જી-કચ્છ, ગુજરાત રાજ્ય પીન - ૩૭૦ ૪૭૫

## બાયઠવાસી ક.દ.ઓ. જૈન પરિવારો જોગ વાર્ષિક સામાન્ય સભાનું પરિપત્ર

આદરણીય સભ્યશ્રીઓ,

શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા (સંયુક્ત સામાન્ય સભા) તા. ૨૬-૧૦-૨૦૨૫ ને રવિવારના બપોરે ૪ ૦૦ કલાકે ગ્રાઉન્ડ ફ્લોર, લોહાણા મહાજનવાડી, રામ રતન ત્રિવેદી રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૮૦ મધે રાખવામાં આવેલ છે તો સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી છે. નીચે દર્શાવેલ કાર્યસૂચી (એજન્ડા) મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**એજન્ડા (કાર્યસૂચી)**

૧. ગત મિટીંગની મીનીટ્સનું વાંચન અને બહાલી.
૨. બન્ને ટ્રસ્ટ બોર્ડમાં નવા આવેલ ટ્રસ્ટીઓની નિમણુંકને બહાલી આપવા બાબત.
૩. દેરાસરજીની ધૃત ઉછામણીઓ અને બાકી રહેતી રકમ વસુલ કરવા બાબત ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવા.
૪. આવતા વર્ષે આપણા શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૭૫ મી ધ્વજા આરોહણ માટે તા ૨૩/૦૧/૨૦૨૬ થી ૨૭/૦૧/૨૦૨૬ સુધી ધ્વજા મહોત્સવ (પંચાન્હિકા મહોત્સવ) ની કાર્યવાહી નક્કી કરી ઉછામણીઓ કરવી અને તા. ૨૮/૦૧/૨૦૨૬ના શ્રી ગૌતમસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠાનું કાર્ય કરવામાં આવશે.
૫. વાર્ષિક ચડાવાઓ (જેમકે અંગલૂછના, કેસર,પુષ્પ, ધૃત, ધૂપ, વગેરે) ની ઉછામણી કરવા બાબત.
૬. અતિથિગૃહ અને ભોજનાલયના નિભાવ બાબત રજુઆત કરી ચર્ચા વિચારણા કરવી.
૭. પ્રમુખશ્રીની મંજુરીથી કે એમના દ્વારા અન્ય જે કાઈ રજુઆત થાય તે.
૮. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક પછી તેજ સ્થળે મળશે જેમાં કોરમનો બાધ રહેશે નહીં.

**એજ લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા બાયઠ ક.દ ઓ. જૈન મહાજન ટ્રસ્ટના ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર**

---

## સ્નેહ મિલન સમારંભ

માનનીય ગામાઈ જૈન પરિવારો તથા આપણી જૈન નિયાણી બહેનોના પરિવારો જોગ,

તા. ૨૬-૧૦-૨૦૨૫ ના સાંજના ૬.૦૦ કલાકે ગ્રાઉન્ડ ફ્લોર, લોહાણા મહાજનવાડી, રામ રતન ત્રિવેદી રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૦ મધે યોજાનાર બાયઠ જૈન સંઘના સ્નેહ મિલનમાં આપ સૌને પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતા અત્યંત હર્ષ અનુભવીએ છીએ.

ઉપરોક્ત સ્નેહમિલનમાં બાયઠના ક.દ.ઓ. જૈન તથા ક.વી.ઓ. જૈન પરિવારો બંને સમાજની નિયાણીઓ સહિત સહકુટુંબ ભાગ લઈ શકશે. નિયાણી બહેનોને પણ સહકુટુંબ પધારવાનુ ભાવભર્યું આમંત્રણ આ પરિપત્ર દ્વારા પાઠવીએ છીએ.

સ્નેહમિલનમાં આપણા મહાવીર સ્વામી જિનાલયની ૭૫મી ધ્વજા નિમીત્તે ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. તે ધ્વજા મહોત્સવની ઉછામણીઓ તથા વાર્ષિક ચડાવાઓની ઉછામણી તે સમયે કરવામાં આવશે. ઉછામણીઓમાં બંને જૈન સમાજના ભાઈઓ તથા નિયાણી બહેનો હર્ષભેર ભાગ લઈ શકશો.

બાયઠ ગામના જૈન ભાઈ બહેનો એ ગત પર્યુષણ પર્વ દરમિયાન અઠ્ઠાઈ કે તેનાથી વધુ તપસ્યા કરેલ એવા તપસ્વીઓનું બહુમાન કરવામાં આવશે. તેમજ બાયઠ ગામના ધોરણ ૧૦ કે તેથી વધારે અભ્યાસમાં પાસ થયેલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવશે તેમજ કોઈ વિશિષ્ટ પરીક્ષામાં પાસ થયેલ કે વિશિષ્ટ પદવી પ્રાપ્ત કરેલ વ્યક્તિનું સન્માન કરવામાં આવશે. ઉપરોક્ત બહુમાન/સન્માન માટે તા. ૧૫-૧૦-૨૦૨૫ સુધીમાં નામો નીચે જણાવેલ ટ્રસ્ટીઓનો સંપર્ક કરી જણાવવા વીનંતી.

રાસ ગરબાની રમઝટ ડી. જે. ઉપર રાખવામાં આવેલ છે. સાંજે સાધર્મિક ભક્તિનો લાભ લેશું. (ચૌવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે) તો આપ સૌ જૈન ગામાઈ પરિવારો તથા નિયાણી પરિવારોને સહકુટુંબ સમયસર પધારશો એવી નમ્ર વિનંતી.

**એજ લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ, તથા બાયઠ જૈન સંઘના જય જિનેન્દ્ર**

**સંપર્ક : નરેન્દ્ર પટેલ-૯૩૨૧૬ ૦૧૮૪૮, જગદીશ દંડ-૯૮૨૦૭ ૭૫૬૭૭, નવિન ધુલ્લા-૯૮૬૯૫ ૨૪૯૪૯**

વનિતા
વિશ્વ

# દિવાળી મુબારક

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com



પ્રકાશ સમીક્ષાનો આ અંક જ્યારે બહાર પડશે એ દિવસે દિવાળી છે.બધા લક્ષ્મી પૂજનની તૈયારીમાં હશો. ત્યારબાદ પણ ૧૫ દિવસ સુધી તહેવાર જેવો જ માહોલ હોય છે. બેસતું વર્ષ, ભાઈ બીજ, લાભ પાંચમ, કારતકી પૂનમ વગેરે વગેરે.

ચાતુર્માસ પણ પૂર્ણ થવા આવી રહ્યું છે. પરમ પૂજ્ય સાધુ ભગવંતો તેમજ સાધ્વીજી ભગવંતોના સ્થાન પરિવર્તનનો સમય આવી રહ્યો છે. ઠેકઠેકાણે વિદાય સમારંભ, સ્થાન પરિવર્તન તેમજ વિહારના કાર્યક્રમની ઉજવણી થશે. ઘણા લોકો તો દિવાળી પતે એટલે ફરવા જાય. જવું જ જોઈએ, એ બહાને રિલેક્સ થવાય. વેકેશનથી મૂડ પણ ચેન્જ થાય છે.પરિવાર નું get together પણ થઈ જાય છે.

આપ સૌને દિવાળી મુબારક. મને તમારા સૌનો આભાર માનવો છે. જેમણે ''વનિતા વિશ્વ'' માં લેખ વાંચ્યા બાદ ફોન દ્વારા અથવા what'sapp દ્વારા બિરદાવ્યા છે. ઘણાંએ તો પોતાના વિચારોની પણ સુંદર રીતે રજૂઆત કરી છે. આમ જ ભવિષ્યમાં પણ તમે સૌ આવો જ સાથ સહકાર આપતા રહેજો. હું તો ''પ્રકાશ સમીક્ષા'' સમિતિની ખૂબ ખૂબ આભારી છું જેમણે ''વનિતા વિશ્વ'' ફરીથી શરૂ કર્યું અને મને લખવા માટે પ્રેરિત કરી.

સૌને ઉપયોગી થાય એવી કિચન ટીપ્સ...

૧. શાક બનાવતી વખતે જો એમાં મીઠુ વધુ ઉમેરાઈ જાય તો એમાં એક કાચું બટાટો છાલ ઉતારીને નાખી દેવું અને થોડીવાર ઉકાળી લેવું. તે વધારાનો મીઠુ કે ખારાપણું શોષી લેશે.

૨. દૂધ ઉકાળતી વખતે એ વાસણની ધાર પર થોડું ઘી લગાવી લેવું. દૂધ ઉભરાશે નહીં.

૩. ડુંગળી સમારતા પહેલા તેને થોડો સમય ફ્રીજમાં મૂકી દેવાથી આંખોમાં પાણી આવવાનું ઓછું થશે.

૪. કટલરી પરથી ચા અને કોફીના દાગ કાઢવા માટે કપ રકાબીને મીઠાથી ઘસીએ તો ડાઘ સહેલાઈથી દૂર થશે.

અનુસંધાન પાના નં. ૨૦ ઉપર

# પારંપરિક રાંધણ કળા

''પ્રકાશ સમીક્ષા'' લાવી રહ્યું છે
''એક અવનવી પ્રતિયોગિતા''

## વિસરાઈ ગયેલા વ્યંજનોની પ્રતિયોગિતા

ઘરે બનાવવામાં આવતા મીઠાઈ જેમાં ફક્ત ટકાઉ જ નહીં પણ રોજ બનાવવામાં આવતી મીઠાઈ (મીઠા ચીલા, ચુરમો, માલપુવા વગેરે) અને ફરસાણ જેમાં ટકાઉ જ નહીં પણ રોજ સાંજે બનાવવામાં આવતા (મુઠીયા, ઢેબરા, હાંડવો વગેરે) પણ ચાલશે.

કોઈપણ વ્યક્તિ એક મિષ્ટાન અને એક ફરસાણ મોકલી શકે છે. અથવા કોઈપણ એક વસ્તુ પણ મોકલી શકે છે.

એના માટે વધુમાં વધુ બે મિનિટ સુધીનો તમારા હાથે વ્યંજન બનાવો છો એ પ્રસ્તુત કરતો વિડિયો મોકલવાનો રહેશે. સાથે એ બનાવવાની રીત પણ whatsapp પર મોકલવાની રહેશે . દરેક category માં ત્રણ - ત્રણ ઈનામો જાહેર કરવામાં આવશે. તમારી કૃતિમાં ખાસ ત્રણ બાબતો જોવામાં આવશે.

૧. બનાવવાની રીત

૨. પ્રસ્તુતિકરણ

૩. સરળ રીત

આ સ્પર્ધામાં જજનો નિર્ણય અંતિમ રહેશે.

રેસીપી મોકલવાની અંતિમ તારીખ ૨૦ નવેમ્બર રહેશે. ત્યારબાદ આવનાર રેસીપીને માન્ય કરવામાં નહીં આવે.

વિડિઓ whatsapp દ્વારા મોકલાવો.

**માલતી હરીશ ધરમશી-જખૌ (નવી મુંબઈ)**

**મો. ૯૮૬૯૨ ૮૯૩૪૫**

# જિન્સમાં પાલવ ક્યાંથી લાવશો?

શાળામાં ગુરુજીએ કહ્યું કે મા ના પાલવ પર નિબંધ લખો..!

તો લખવાવાળા વિદ્યાર્થીએ મા ના પાલવ પર શું સરસ લખ્યું, પૂરું વાંચશો તો હૃદય ભરાઈ જશે.

આદરણીય ગુરુજી,

મા નો પાલવ મા ને ગરિમામય છબી પ્રદાન કરવા માટે હતો.

મા નો પાલવ ચૂલા ઉપરથી ગરમ વાસણોને ઉતારવામાં કામ આવતો હતો.

મા નો પાલવ બાળકોના પરસેવા અને આંસુ લૂછવા ગંદા કાન, કે મોઢું સાફ કરવા માટે પણ પ્રયોગમાં લેવાતો. બાળકોને જમ્યા પછી મા ના પાલવથી મોઢું લૂછવાનો અનેરો આનંદ આવતો હતો.

મા નો પાલવ ક્યારેક આંખમાં કંઈ ખૂંચતું તો મા ગોળ ગૂંચણું બનાવી ફૂંક મારી ગરમ કરી આંખ પર લગાવતી ત્યારે દુ:ખાવો એની મેળે બંધ થઈ જતો.

મા ના ખોળામાં સુવાવાળા બાળકો માટે મા નો ખોળો ગાદી અને મા નો પાલવ ચાદરનું કામ કરી જતો.

જ્યારે પણ કોઈ અજાણ્યું આંગતુક ઘરે આવતું ત્યારે તો બાળક મા ના પાલવની પાછળ સંતાવા તેનો ઉપયોગ કરતો, તેવી જ રીતે બાળક જ્યારે જ્યારે શરમાઈ જાય ત્યારે પોતાનું મોઢું મા ના પાલવથી ઢાંકી દેતો.

જયારે બાળકને બહાર જવું હોય ત્યારે મા નો પાલવ પકડી લેતો અને તે પાલવ જ તેનો માર્ગદર્શક બની જતો.

જ્યાં સુધી બાળકે પોતાની મા નો પાલવ પકડ્યો હોય, ત્યાં સુધી આખું બ્રહ્માંડ તેની મુઠ્ઠીમાં હોય તેવો તેને આભાસ થતો.

મા નો પાલવ જ્યારે શિયાળાની ઋતુ હોય ત્યારે મા પોતાના બાળકને ચારે કોરથી વીંટાળી ઠંડીથી બચાવતી.

અને... જ્યારે ખૂબ વરસાદ પડે તો મા નો પાલવ છત્રી બની મોઢું ઢાંકવા કામ આવતો.

મા નો પાલવનો હાથ લૂંછણીયા તરીકે પણ ઉપયોગ કરી લેવાતો. માં નો પાલવ ઝાડ પરથી પડેલા જાંબું અને સુગંધિત ફૂલોને ભેગા કરવા અને લાવવા ઉપયોગમાં લેવાતો.

ક્યારેક... અનાજ, દાન, પ્રસાદના સંકલન માટે મા નો પાલવ વપરાતો, મા નો પાલવ ઘરમાં રાખેલ સામાન ઉપરથી ધૂળ સાફ કરવામાં પણ સહાયક થતો.

ક્યારેક કોઈ વસ્તુ ખોવાઈ જાય તો મા ના પાલવને ગાંઠ બાંધી નિશ્ચિંત થઈ જતા કે જલ્દી મળી જશે અને મળી પણ જતી. મા ના પાલવની ગાંઠ એક હાલતી-ચાલતી બેંક કે તિજોરી બની જતી અને જો બાળકનું નસીબ જોર કરે તો ક્યારેક બેંકમાંથી થોડા પૈસા પણ મળી જતાં

મા નો પાલવ બીજું કાંઈ નહીં, પણ જાદુઈ અનુભવ છે જે આજની પેઢી તો નહીં જ સમજી શકે.

હવે જીન્સ પહેરવાવાળી Mom પાલવ લાવશે ક્યાંથી...?

(સાડલો પહેરેલ મા ના પાલવનો આસ્વાદ આપવાવાળી દરેક માતાઓને સમર્પિત)

**મોકલનાર : કુમાર બાબુભાઈ દંડ-તેરા (ભાંડુપ)**

**બા વિનાની દિવાળી**

બાપુજીના મૃત્યુ પછી
બે દિવાળીઓ આવીને ચાલી ગઈ.
પણ બા જીવતી હતીને. એટલે માથે છત્તર હતું.
આ ત્રીજી દિવાળી 'બા' વિનાની દિવાળી હતી.
પહેલીવાર, જીવનમાં પહેલીવાર...
ફટાંકડાંઓએ મને પરેશાન ન કર્યો,
રોશનીથી મારી આંખો ન અંજાઈ,
કપડાં મને રંગીન ન લાગ્યાં,
મીઠાઈ કંઈક ફીકી લાગી.
અમે બધાં ભાઈબહેનો બે દિવસ સાથે રહ્યાં.
મળ્યા, હસ્યાં, રમ્યાં, જમ્યાં.
કશુંક ખૂટતું હોય એમ લાગ્યું.
કોઈ કશું બોલ્યું નહિ એ વિશે,
પણ બધાને સમજાઈ ગયું હતું કે...
આવી જ હોય, 'બા' વિનાની દિવાળી.

**- પ્રફુલ જોષી**

પ્રકાશ સમીક્ષા શતાબ્દી મહોત્સવ પ્રસંગે પ્રકાશિત
કૉફી ટેબલ બુક 'પ્રકાશ વિશેષ'માંથી ક.દ.ઓ.
વ્યક્તિ વિશેષોની લેખમાળાનો અઢારમો મણકો પ્રકાશિત છે.
આગામી દરેક અંકમાં ક્રમશઃ એક મણકો પ્રકાશિત થશે. - CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

# મણિકાંત હીરજી ધુલ્લા

## સ્વાદ કા ખજાના

જ્ઞાતિમાં તેઓ કેટરિંગ ઉદ્યોગના પ્રણેતા. વળી આ કામમાં ઝંપલાવ્યું શૂન્ય ખબર હોવા છતાં. આજે એવી સ્થિતિ છે કે એમની અને નાના બંધુની કેટરિંગ કંપનીઓ મુંબઈ સહિત દેશ-દુનિયાના લોકોની જીભનાં સૌથી વહાલાં નામ છે



## વ્યક્તિત્વ

અનુભવની એરણ પર ઘડાઈને, અનેક તકલીફોને હસતાં હસતાં સહીને, સો ટચનું સોનું બન્યા છે આ સ્વજન. મણિકાંતભાઈનું જીવન શૂરવીર લડવૈયાને છાજે એવું છે. ‘‘પાય લાગુ,’’ કહીને કાયમ સૌને આવકરતાં આ સજ્જન એમનાથી નાની ઉંમરની વ્યક્તિને પણ દિલથી પગે લાગતાં સ્વાગત કરે છે. એમને પહેલીવાર એમનાથી ઉંમરમાં નાનું મળે કોઈ તો એવી નવાઈમાં પડી જાય કે શું કહીએ ?

ચહેરા પર સતત નિર્દોષ સ્મિત અને જિંદગીમાં જે મળ્યું એ પામ્યાનો ખરો આત્મસંતોષ ઝળકે તો વદન કેવું ખીલે એ એમને જોઈને જ સમજાય. આવા વડીલને મળવાનો મોકો મળ્યો એ એક ઉત્સવ જેવી વાત હતી. મુલાકાતમાં ઘણી વાતચીત થઈ. આ રહ્યો એનો રોચક સાર...

શાંત, મૃદુભાષી અને કર્તવ્યનિષ્ઠ મણિકાંતભાઈનો જન્મ ૧૯૪૫માં મસ્જિદ બંદરે થયો. પિતા હીરજીભાઈનું વતન કચ્છ જખૌ. માતા ખેતબાઈ. એમનાં સાત સંતાનોમાં મણિકાંત છઠ્ઠું સંતાન. પિતા સોળ વરસની ઉંમરે મુંબઈના મસ્જિદ બંદરે આવેલા. જ્ઞાતિ શિરોમણિ શેઠશ્રી નરશી નાથાએ બંધાવેલા શ્રી અનંતનાથ દેરાસરના મૂળનાયકમાં તેમની અતૂટ શ્રદ્ધા હતી. એમણે નિર્વાહ માટે અનેક વેપાર કર્યા. એમાં કપડાંથી દૂધ જેવી ચીજો હતી. બાળપણમાં મણિકાંતભાઈ એટલે તો હીરજીભાઈ દૂધવાળાના છોકરા તરીકે ઓળખાતા.

મસ્જિદ બંદરની પાલા ગલીમાં સ્થિત શ્રી કચ્છી વિશા ઓશવાલ સ્કૂલમાં ભણતાં મણિકાંતભાઈએ ૧૯૬૩માં એસએસસી પૂર્ણ કર્યું. આગળ ભણવાનો યોગ બન્યો નહીં કારણ, મણિકાંતભાઈ કહે છે, ‘‘અમારા ઘરની આર્થિક પરિસ્થિતિ બહુ સાધારણ હતી. મેં એસએસસી પછી નોકરી શરૂ કરી દીધી હતી જેથી આવક થાય. મારો પગાર રૂ. ૬૦ હતો.’’

એમના મોટાભાઈ મુલચંદ ધુલ્લા બેન્ક ઓફ ઇન્ડિયામાં અને સૂર્યકાંતભાઈ સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયામાં નોકરી કરે. ઘર ત્યારે મસ્જિદ બંદરના અનંત નિવાસમાં હતું. ભાઈઓએ મણિકાંતને આગ્રહ કર્યો કે આગળ ભણ તો ઉદ્ધાર થાય. મણિકાંતભાઈએ કે. સી. કોલેજમાં ઇન્ટર સાયન્સમાં એડમિશન લીધું પણ થયા નાપાસ. બસ, ત્યાં પૂર્ણવિરામ લાગ્યું ભણવાના સપના પર અને જીવનની ગાડી ચાલી પડી કમાવાના માર્ગે.

મણિકાંતભાઈએ ખેડેલો પહેલો વેપાર પ્રિન્ટિંગ અને કેનવાન્સિંગનો હતો. એ કામ એમણે બહુ જલદી સંકેલી લીધું. પછી એમણે એલઆઈસીમાં નોકરી લીધી પણ, તેઓ કહે છે, ‘‘જમાનો એવો હતો કે વીમો ઉતારવા કોઈને કહીએ તો સામે વડચકું ભરતાં કહે, અલા, લાજતો નથી ? હું મરવાનો કે ? અને મને મારવાના તારે પાંચ હજાર રૂપિયાનો વીમો કરવો છે ? જા જા.’’ પત્યું. એ કામમાં ઠરીઠામ થવાની મહેચ્છાનું બાળમરણ થઈ ગયું. હવે ?

‘‘મારાં મોટાં બહેન, નવલબહેનનાં પતિ, મારા બનેવી મંગલભાઈ ખોનાએ એકવાર કહ્યું કે કેટરિંગનો વેપાર સારો છે. કરી જોવા જેવો છે. મને ખાવાપીવાનો ભારે શોખ એટલે એ વિચાર મારે તો ભાવતુ ‘તું ને વૈદ્યે બતાવવા જેવો થયો.’’ બનેવીએ મણિકાંતભાઈનો પરિચય પારેખ કેટરર્સ ફેમ ગોકુળભાઈ સાથે કરાવ્યો. ૧૯૬૫ના દાયકામાં તેઓએ મુલુંડની સારસ્વત વાડીમાં લગ્નપ્રસંગે આવેલી જાનનું ચાર દિવસનું કામ લીધું હતું. ગોકુળભાઈએ તરવરિયા યુવાન મણિકાંતને, ‘‘જો, તું બધી તૈયારી કર. હું ચાર વાગ્યે પાછો આવું છું...’’ તેઓ ગયા પણ ચાર વાગ્યે તો ઠીક, જાનના ચારેય દિવસ આવ્યા જ નહીં ! અને જાનનાં ભોજન સહિતની ઘણી વ્યવસ્થાનું કામ આવી પડ્યું મણિકાંતભાઈના માથે. તેઓ વિચલિત થયા નહીં. ડગ્યા નહીં. પૂરા જોશ સાથે એમણે કામ પાર પાડ્યું. જાનૈયાઓને ખુશખુશાલ કરી દીધા. એમ કરતાં એમનામાં આત્મવિશ્વાસનો સંચાર થયો કે મારાથી આ કામ થઈ શકે છે. મણિકાંતભાઈ કહે છે, ‘‘જોકે પછી ગોકુળભાઈ મળ્યા. મારો એમનો નિકટનો નાતો થયો. એમના કામમાં હું હોઉં જ. ઘણા નવા વિચારો એમને જણાવું. એક દિવસ કહે, મણિકાંત, તું હોશિયાર છે. પોતાનું કામ શરૂ કર.

હું તારી પડખે છું.'' અને ૧૯૬૮માં નાના બંધુના નામ પરથી પ્રતાપ કેટરર્સ નામે પોતાનું કેટરિંગનું કામ શરૂ કર્યું. એમાં પ્રતાપભાઈ સાથે હતા. આપણી જ્ઞાતિમાં આ ઉદ્યોગમાં તક જોનારા પહેલા વિઝનરી એટલે મણિકાંતભાઈ.

એ સમયે કંપનીની ઓફિસ એટલે એક ગેરેજ. ત્યાંથી પ્રતાપ કેટરર્સે કરેલી પ્રગતિ અચ્છા અચ્છાને આભા કરી નાખે એવી છે. આજે મુલુંડ નહીં, સમગ્ર મુંબઈ મેટ્રોપોલિટન વિસ્તારમાં સર્વોચ્ચ કેટરિંગ કંપનીઓમાં એક પ્રતાપ છે. એ પછી પ્રતાપભાઈએ ૧૯૮૦માં પોતાનું અલગ સાહસ ચેતક કેટરર્સ પણ શરૂ કર્યું. એ પણ અવ્વલ કેટરિંગ કંપનીઓમાં આવે છે. બેઉ કંપનીઓ માત્ર ભોજન નહીં, સેવા, ડેકોરેશન, સૌજન્યશીલ વહેવાર... અનેક બાબતોમાં હરીફોને આંટી ગઈ છે. એમની તોલે આવતી કંપનીઓ મુંબઈ નહીં, દેશમાં પણ જૂજ છે.

પારિવારિક જીવનની વાત કરીએ. ૧૯૭૫માં એમનાં લગ્ન મૂળ કચ્છ અબડાસાના સાંધાણ ગામનાં અને મુલુંડમાં રહેતાં ગંગાબાઈ ગોવિંદજી ચુરલાનાં દીકરી તરલા સાથે થયાં. તરલાબહેને જે. જે. સ્કૂલ ઓફ આર્ટ્સથી ટેક્સટાઇલ ડિઝાઇનિંગ કર્યું હતું. એક સમયે જાસ્મિન મિલ્સમાં તેઓ નોકરી કરતાં. આગળ જતાં બે ટર્મ માટે અરિહંત બેન્કનાં ડિરેક્ટર પણ થયાં હતાં. ધુલ્લા યુગલને મયૂર અને ચાંદની એમ બે સંતાનો થયાં.

આજે પ્રતાપ કેટરર્સની ભવ્ય ઓફિસ મુલુંડના પોશ વિસ્તારમાં છે. મણિકાંતભાઈએ ૨૦૦૮માં પ્રતાપ એક્સેલન્સી ફૂડ એન્ડ બેવરેજિસ પ્રાઇવેટ લિમિટેડ શરૂ કરી. એમના દીકરા મયૂર અને પુત્રવધૂ વિરાજ કંપનીનું સફળ સંચાલન કરી રહ્યાં છે. પ્રતાપ કેટરર્સે એના લાંબા પ્રવાસમાં ગણ્યા ગણાય નહીં એટલા ભવ્ય પ્રસંગોમાં કેટરિંગથી લોકોને મંત્રમુગ્ધ કર્યા છે. ૧૯૮૮માં કંપનીએ પહેલીવાર લંડન નજીક લેસ્ટરમાં મોટું કામ કર્યું હતું. અવસર હતો મૂળનાયક શ્રી શાંતિનાથજી ભગવાનના દેરાસરની પ્રાણપ્રતિષ્ઠાનો. મણિકાંતભાઈને એનું બરાબર સ્મરણ છે, ''હું માત્ર રસોઇયાઓ સાથે ત્યાં ગયો હતો. પંદર દિવસ લાગલગાટ ૫,૦૦૦ લોકોની દિવસ-રાતની ભોજનની તમામ વ્યવસ્થા કરી હતી.''

સમય સાથે કેટરિંગના બિઝનેસમાં આમૂલ પરિવર્તનો આવ્યાં છે. મણિકાંતભાઈ કહે છે, ''પહેલેથી સખત મહેનત માગી લેતી આ લાઇનમાં હવે ગ્રાહકો ખાસ્સી અપેક્ષા રાખતા થયા છે. પહેલાં માત્ર સ્વાદની ચિંતા કરવાની રહેતી. હવે સ્વાદ સાથે દેખાવ, ભપકા, રજૂઆત... અનેક ચિંતા. હા એ પણ ખરું કે પહેલાં માત્ર લગ્નસરામાં સારું ચાલતું કેટરિંગનું કામ હવે બારે માસ ધમધમે એટલો ઉદ્યોગનો વિકાસ થયો છે.''

જીવનના આઠ દાયકા પૂરા કરવાને સજ્જ મણિકાંતભાઈ આજે પણ અણનમ છે. બિઝનેસમાં નવી પેઢીએ બાજી હાથમાં લીધી છે એનો હરખ તેઓ માણે છે. સાથે નિવૃત્તિ સાથે વેપારમાં થોડુંઘણું યોગદાન આપવા સાથે મનગમતી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહે છે. હવે એમની એક નિત્ય પ્રવૃત્તિ સમાજસેવા છે. દીકરા મયૂરે કોમર્સમાં ગ્રેજ્યુએશન કર્યું છે. એનાં પત્ની વિરાજ પણ બિઝનેસમાં સાથે છે. દીકરી ચાંદનીનાં લગ્ન કપિલ લોડાયા સાથે થયાં છે. મણિકાંતભાઈની ત્રીજી પેઢીનાં પ્રતિનિધિઓ પૌત્ર-પૌત્રી વેદાંશ્રી, હેના અને દોહિત્ર જયદિત્ય છે. સવારે સાડાપાંચે દિવસ શરૂ કરીને તેઓ રાતના સાડાઅગિયાર સુધી ઉદ્યમ કરે છે.

## વિચારસત્ત્વ

''ઇમાનદારી અને ભગવાનને સાથે રાખીને કામ કરો. આટલું જ હશે તો કયારેય દુખી નહીં થાવ. સાથે, કામ હંમેશાં સર્વોત્તમ કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કરતા રહો.'' વ્યવસાયમાં અપનાવેલા નિયમને સફળતા અને સંતોષની આવશ્યકતા ગણતા મણિકાંતભાઈ કહે છે.

યંગ જનરેશન વિશે તેઓ કહે છે, ''આપણે સમજી શકીએ નહીં એટલી ટેલેન્ટ અને કામ કરવાની ટેક્નિક્સ આ પેઢી પાસે છે. હું જોકે કહીશ કે નવી

પેઢીએ સ્વભાવ રતન ટાટા જેવો રાખવો જોઈએ. ભલે ગમે તેવી સિદ્ધિઓ મળે પણ વિનમ્રતા ક્યારેય જવી જોઈએ નહીં.'' પોતાની સફળતા માટે માબાપ અને વડીલો સહ તેઓ ગુરુ-ભગવંતોની કૃપાને કારણ ગણે છે. ઈશ્વરમાં અપાર શ્રદ્ધા ધરાવતા મણિકાંતભાઈ જ્ઞાતિ વિશે કહે છે, ''આવી જ્ઞાતિમાં જન્મ મળે એનાથી વિશેષ શું જોઈએ ? ભલે સંખ્યામાં નાના પણ આપણે એકે હજારો છીએ.''

## સેવાવિશ્વ

વેપારમાં સેવાનો સ્વાદ ઉમેરી, નફાને બહાર મૂકીને મણિકાંતભાઈએ અનેકવાર ધાર્મિક અને સેવાપ્રસંગોએ કેટરિંગ કર્યું છે. ૧૯૯૦માં પાલિતાણામાં એક ધાર્મિક અવસરે એક-દોઢ લાખ લોકોને સવાર-સાંજ ભોજન કરાવ્યું હતું. એમાં એમણે કોઈ નફો રાખ્યો નહોતો. તેઓ કહે છે, ''ત્યાં બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થાના રસોડાનું કામ સંભાળતા થોડા ભગત આવ્યા. અમારો બારસો જણનો સ્ટાફ જોઈને ચકિત થતાં કહે, મુંબઈથી આવડી તોસ્તાન ટીમ લઈને આ વળી કોણ આવ્યું ? અને આટલું જબરદસ્ત કેટરિંગ આટલી સરસ રીતે કેવી રીતે સંભાળે છે ? મારા માટે એ ઉદ્‌ગાર શાબાશી જેવા હતા.'' એ સેવાકાર્ય માટે મણિકાંતભાઈએ છ મહિના બીજું કોઈ કામ નહોતું સ્વીકાર્યું.'' ૨૦૨૫માં આવી સેવા ન્યુ યોર્કના મેરીલેન્ડ ટાઉનમાં દેરાસરે પ્રતિષ્ઠા નિમિત્તે આપવાની હાલમાં તેઓ તૈયારી કરી રહ્યા છે. મણિકાંતભાઈ કહે છે, ''પરમાત્માએ દેરાસર બાંધવા જેટલો સક્ષમ ભલે નથી કર્યો પણ દેરાસરની પ્રતિષ્ઠાએ સેવા કરવાને સક્ષમ કર્યો છે એ પણ એની કૃપા.''

૨૦૦૨માં મસ્જિદ બંદરે શ્રી અનંતનાથજી દેરાસરની ૧૭૫ વરસની ઉજવણીમાં પણ મણિકાંતભાઈએ સેવા આપી હતી. એની સાથે તો તેઓ લાગણીથી પણ બંધાયેલા. દસ દિવસ ચાલેલા એ મહોત્સવમાં કાચો માલ દેરાસરે પૂરો પાડ્યો. મણિકાંતભાઈએ બાકીની તમામ જવાબદારી ઉઠાવી લીધી જે માટે સર્વિસ ચાર્જ સુધ્ધાં નહીં લીધો. આવા અનેક ધાર્મિક પ્રસંગોમાં એમનું સેવાર્થે યોગદાન રહ્યું છે.

કેડીઓ કલાસિકમાં તેઓ સહસંસ્થાપક હોવા સાથે આજે પણ સેવા આપે છે. મુલુંડ જૈન સોશિયલ ગ્રુપના તેઓ સ્થાપક સભ્ય છે. સર્વોદય મંડળમાં પણ પ્રવૃત્ત છે. વતન જખૌમાં તેમના નેતૃત્વમાં ઘણાં સેવાકાર્યો થાય છે. મણિકાંતભાઈને સુકૃતો માટે અનેક એવોર્ડ્ર્સ મળ્યા છે. એની ખેવના હવે એમને નથી, ''હવે બસ એક ઇચ્છા કે અન્યોને આગળ વધતા હું આનંદ માણું.''

જૈને અને જૈનેતર એવી પંચોતેરથી વધુ ધાર્મિક સંસ્થાઓ એમના પ્રસંગોએ પ્રતાપ કેટરર્સનાં વાસણો લઈ જાય છે. એ માટે ક્યારેય કોઈ ચાર્જ લેવાતો નથી. એમાં મંદિરે મહોત્સવ, પાલખીયાત્રા, શોભાયાત્રા વગેરે સામેલ છે.

## અને પ્રકાશ સમીક્ષા વિશે...

''પ્રકાશ સમીક્ષાનાં સો વરસ મોટી ઉપલબ્ધિ છે. મને તો એ દિવસો પણ યાદ છે કે જેઓ વાંચી શકતા નહીં તેઓ પણ એના આગમનની રાહ જોતા. અંક આવે કે કોઈકને કહેતા કે વાંચીને કહો પ્રકાશ સમીક્ષામાં શું છપાયું છે,'' ખાસ્સા જૂના જમાનાની વાત યાદ કરતાં મણિકાંતભાઈ આપણા પ્રિય સામયિક વિશે આવું કહેતાં ઉમેરે છે, ''હું મનોમન સનતભાઈને યાદ કરીને એમની અનુમોદના કરતો રહું છું કે એમણે પ્રકાશ સમીક્ષાને લાંબા અરસા સુધી અડીખમ રાખ્યું. વરસોથી હું પ્રકાશ સમીક્ષા વાંચું છું. આજે એની સદીનું ટાણું છે ત્યારે એનો એક હિસ્સો હોવાનો મને વધુ હરખ થઈ રહ્યો છે. મારા-આપણા પ્રકાશ સમીક્ષાને પાય લાગુ...''


'શુભ દિપાવલી - નૂતન વર્ષાભિનંદન

જ્યોતિ

Sarees Since 1976
Matunga (E)

Gharchola-Bandhni-Patola
Sarees-ChaniaCholi-Borders

Behind Arora Theatre, Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree (SUNDAY CLOSED)

આરોગ્ય
પ્રકાશ

# આરોગ્ય માટે ઉપયોગી માહિતી-૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



**૫) ખાટા અને તીખા રસનો અતિરેક :** જે નાનપણથી જ ખાટા અને તીખા રસનો અતિરેક કરે છે તેને બાળવયે જ અમ્લપિત્તની અને આગળ જતાં અલ્સર અને વાળ સફેદ થવાની તકલીફ થાય છે. વધુ મીઠુ (નમક) ખાવાથી પણ વાળ જલ્દી સફેદ થાય છે. ઓછી અને અશાંત ઉંઘ, ગુસ્સાવાળો સ્વભાવ અને વધુ પડતું ટેન્શન હોય એમને પણ જલ્દી પિત્તની તકલીફ અને વાળ સફેદ થાય. માટે ખાટાં અને તીખા રસનો અતિરેક ટાળો, ૭ થી ૮ કલાકની શાંત ઉંઘ લ્યો, ગુસ્સો ત્યજી સ્વભાવ શાંત રાખો, મીઠુ આખા દિવસમાં ફક્ત ૧ ચમચી (૫ ગ્રામ) જ લ્યો. બહારના ફરસાણ વગેરેમાં મીઠુ-સાકર વધુ પ્રમાણમાં હોય છે માટે ટાળો. પિત્તની તકલીફ હોય તો સવારના ઉઠીને ખાલી પેટે ૨ થી ૩ ગ્લાસ હુંફાળું પાણી પી, મોંમા આંગળા નાખી ઉલ્ટી કરવી (વમન કરવું) જેથી પેટમાં જમા થયેલ પિત્ત બહાર નીકળી જશે. તીખી, મસાલેદાર વસ્તુનો ત્યાગ કરો, ટમેટા (કાચા અને પાકા) ટાળો. દુધ, મમરા, પૌવા, તકમરીઆ, ગુલાબની પાંખડી, વરીયાળી, અરગ, ખડી સાકર વગેરેનો ઉપયોગ કરવો. સફેદ વાળ થયા હોય તો આમળાની સીઝનમાં રોજ ૧ આમળો ખાવો કે એનો રસ પીવો. સીઝન ન હોય ત્યારે આમળા ચૂર્ણ, રસાયણ (ફક્ત આમળા, ગળો અને ગોખરૂ હોય) ની ગોળી કે ચૂર્ણ ૧-૧ સવાર સાંજ પાણી સાથે લેવા કે ચ્યવનપ્રાશ લેવું.

**૬) આરોગ્ય માટે ફળો ખૂબ ઉપયોગી :** ફળોમાં વિટામિન્સ, મીનરલ્સ, એન્ટીઓક્સિડંટ, કુદરતી સાકર, ફાઈબર, પાણી અને ક્ષારો હોય છે. ફળોની છાલમાં વધારેમાં વધારે ફાયબર અને ક્ષારો હોય છે. લીંબુની છાલમાં લીંબુ કરતા વધુ વિટામીન-સી હોય છે. (લીંબુને ૮ કલાક ફ્રીઝરમાં રાખી એની છાલ સહિત ખમણ કરી વાપરવાથી પુષ્કળ વિટામીન-સી મળશે જે કેન્સરના દર્દી માટે ખૂબ જ ફાયદાકારી) કેળાની છાલમાં કુંવારપાઠાની છાલની જેમ વિટામીન B12 હોય છે. જે શાકાહારી લોકોમાં ૯૦% લોકોને ઓછું હોય છે. કેમિકલમાં ડૂબાવ્યા વગરના વાડીના કાચા કેળા મળતા હોય તો તે લાવી શાક બનાવી શકાય, પકાવીને છાલ સહિત પાકા કેળાનું શાક બનાવી શકાય. વિટામીન B12 અને ફાઈબર મળે એ માટે અમુક લોકો છાલ સહિત કેળા ખાય છે. ચીકુ, પેરૂ, દ્રાક્ષ, સફરજન વગેરેને પાણીમાં મીઠુ નાખી ૧૫ મીનીટ સુધી ભીંજવી રાખવા (શાકભાજી પણ મીઠાવાળા પાણીમાં ભીંજવવા) ૧૫ મિનીટ પછી સાદા સ્વચ્છ પાણીથી ધોઈ છાલ સહિત વાપરવા. સફરજનને ચમકાવવા એની પર મીણનું પાતળું પડ અમુક વેપારી લગાવે છે. મીણ લગાવેલ નથી ને તેની ખાતરી કરી લેવી. ચાકુથી ઘસવાથી મીણ હશે તો નીકળશે. પપૈયામાં સૌથી વધુ વિટામિન્સ, મિનરલ્સ, એન્ટી ઓક્સિડંટ હોય છે માટે જ સુપરફ્રુટ કહેવાય છે. WHO એ છેલ્લા ૨ વર્ષથી એને ફળોનો રાજા કહ્યો છે. આખું વર્ષ પપૈયા સહેલાઈથી મળે છે એનો ઉપયોગ કરી ફાયદા મેળવો. ફળો ખાલી પેટ ખાવા ફાયદાકારી, અડધા કલાકમાં પચી જાય. બપોરના કે સાંજના ખાલી પેટે ફળ ખાઈ અડધા કલાકે જમવું. સવારે ખાલી પેટે ફક્ત ફળો ખાવાથી એસીડીટી, ગેસ વગેરે તકલીફ થઈ શકે. એની સાથે ફણગાવેલા મગ, રાંધેલા મગ, રોટલી, રોટલા, ઉપમા, પૌઆ લઈ શકાય. દુધ કે દુધની ચીજો ફળો સાથે વિરૂદ્ધ આહાર બને છે માટે ટાળો. નહીં તો લોહીના બગાડ, ચામડીની બિમારીઓ, ખરજવું, શીળસ, સફેદ દાગ વગેરે થઈ શકે. ફ્રુટ પર ચાટ મસાલો, મીઠુ નાખવાનું ટાળો. જરૂર હોય તો લીંબુનો રસ ઉમેરી શકાય. જે પાચન માટે ઉપયોગી, ફળ સાથે ચા-કોફી ટાળો, દુધ ઉપરાંત એમાં રહેલ કેફીન વિટામિન્સ, ખનીજોનું શોષણ અટકાવે છે. ઋતુ પ્રમાણે અને જ્યાં રહેતા હોઈએ

ત્યાનાં ફળ ખાવા સારા (સીઝનલ અને રીજનલ ફળો). બહારથી લાવેલા ફળો કોલ્ડ સ્ટોરેજમાં રાખી પછી ખવાય તો એના ૭૦ થી ૮૦% પોષક તત્ત્વ ઘટી જાય છે. એને સાચવવા રસાયણો વપરાય જે આરોગ્ય માટે નુકશાનકર્તા. ફળોના રસ કરતા ફળ ખાવા સારા. ફળોના રસમાં ફાઈબર ન હોય અને કેલેરી વધુ હોય જે જાડાપણું અને બીજી તકલીફો આપી શકે. ડાયાબિટીસ હોય એમણે પણ મીઠાં અને ખાટા ફળો ખાવા જોઈએ. કુદરતી સાકર નૂકશાન નહીં કરે, ફાયદો જ થશે. ડાયાબિટીસવાળાએ ઋતુ પ્રમાણે બધા ફળો ખાસ ખાવા. અમુક ડૉક્ટરો બિમારી, સાંધાના દુઃખાવામાં ખાટા ફળો ખાવા ના પાડે છે પણ ખાટા ફળોમાં બીજા વિટામિન્સ, ખનીજો સાથે વિટામીન-સી વધુ હોય છે. જે શરીરની પ્રતિકાર શક્તિ વધારી બિમારી જલ્દી દૂર કરે છે. માટે ખાટા ફળો પણ જરૂર ખાવા.

**૭) અમુક ચીજો ફેંકવાને બદલે ઉપયોગમાં લઈએ :** કેરીની ગોટી, એલોવેરાની છાલ, લીંબુની છાલ, ચીભડા, કોળા, આમલીના બી, દાડમની છાલ, કેળાની છાલ, પપૈયાના બી વગેરે ઘણું કરીને આપણે ફેંકી દઈએ છીએ. કેરી, લીંબુ, ચીભડા, દાડમ, કેળા પપૈયા વગેરે તો આપણે પ્રેમથી ખાઈએ છીએ પણ કેરીની ગોટી જે આપણે ફેંકી દઈએ છીએ એમાં વિટામિન્સ, મિનરલ્સ ઉપરાંત ઉપયોગી એવું વિટામીન્સ B12 પુષ્કળ હોય છે જેની ૯૦% શાકાહારીઓમાં કમી હોય છે. જેથી વિવિધ તકલીફો થઈ શકે. ગોટીને સૂકવી, તોડી અંદરના બીને બાફી, સૂકાય એટલે કટરથી કટકા કરી ૩-૪ ટીપા ઘી નાખી રોટી, તલ સાથે મીક્સ કરી મીક્સરમાં પાવડર બનાવી મુખવાસ તરીકે રોજ ૪-૫ ચમચી ખાવાથી વિટામીન્સ B12ની ઉણપ ઓછી થશે, કેમિકલ વગરના કેળાની છાલમાં વિટામીન્સ B12 પુષ્કળ હોય છે. કાચા કેળાનું કે પાકા કેળાનું છાલ સહિત શાક ખાઈ આ B12ની ઉણપ દૂર કરીએ. પીળા દાંત પર કે સૂકાયેલ ચામડી કે કોર્ન પર કેળાની છાલનો અંદરનો ભાગ ઘસવાથી ફાયદો થાય છે. કોર્ન પર કેળાની છાલનો અંદરનો ભાગ રાખી ઉપર મોજા પહેરી રાતભર રાખો. ફાયદો થશે. એલોવેરાના કાંટા કાઢી છાલ સહિત ધોઈને ૧ ઈંચનો ટુકડો ખાઈ વિટામીન્સ, મિનરલ્સ સાથે B12 મેળવી ઉણપ દૂર કરીએ. પપૈયાના બીને છાંયડાંમાં સૂકવી, મિક્સચરમાં પાવડર કરી ૧ ચમચી સ્મુધી સાથે લેવાથી ઘણા વિટામીન્સ, ખનીજો મેળવીએ. ડાયાબિટીસમાં પણ ફાયદો કરે. દાડમની છાલ સૂકવી એના નાના ટુકડા કરી રાખવા. સુકી ઉધરસમાં ટુકડો ચુસવાથી ખૂબ રાહત મળે છે.

ચીભડા, કલીંગર, કોળાના બીમાં પુષ્કળ પોષકતત્ત્વો હોય છે જેનો મુખવાસ બનાવી નિયમિત ફાયદો લઈએ. લીંબુની છાલમાં લીંબુ કરતા વધુ વિટામીન-સી હોય છે. લીંબુનું છાલ સહિત અથાણું બનાવી ઉપયોગ કરીએ, કેન્સર માટે લીંબુને ૮ કલાક ફ્રીઝરમાં રાખીએ પછી છાલ સહિતના કડક લીંબુની ખમણ બનાવી ખાવાની ચીજો પર ભભરાવી ખાવાથી ખૂબ ફાયદો થાય છે. કોળાના બીમાં ભરપૂર હેલ્ધી ફેટ્સ, ઓમેગા-૩ અને ઓમેગા-૬ ફેટી એસીડ, ફાયબર હોય છે, જે ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે, સારુ કોલેસ્ટ્રોલ વધારે, હાર્ટને હેલ્ધી રાખે. તેમાં મેગ્નેશિયમ હોય છે જે ધમની અને શીરાને આરામ આપે, આરોગ્યને ફાયદો કરે. આમલીના બીમાં વિટામીન-સી, એ, ઈ, બી, ખનીજ, ફોસ્ફરસ, પોટેશિયમ, કેલ્શિયમ, આયર્ન, ફાઈબર વગેરે હોય છે જેનો પાવડર કરી ઉપયોગમાં લઈ ફાયદો લઈએ. તે ફલેવોનોઈડ્સ, પોલિફોનોલ્સથી પણ ભરપૂર જે ચયાપચયને વેગ આપી, વજન ઘટાડવામાં મદદ કરી, ફાઈબરને લીધે પાચન, કબજીયાત મટાડે અને ડાયાબિટીઝ વગેરે બિમારીમાં ફાયદો કરે.

**૮) ત્વચાની સુરક્ષા :** આંખોની આસપાસ કાળા કુંડાળા કે થાકેલી આંખો માટે સામાન્ય રીતે કાકડી વપરાય છે પણ કાકડીમાં ક્યારેક બેક્ટેરિયા/વાયરસ હોય તો આંખોને ચેપ લાગવાની શક્યતા રહે છે. જુની રહી ગયેલ કે સહેજ સડો લાગેલી કાકડી વાપરવી નહીં, બટેટાનું છીણ ફક્ત ૧૦ મિનીટ આંખો પર મુકવાથી ફાયદો થાય છે, વધુ રાખવું

નહીં, હોલ મિલ્ક ક્રીમ, દહીં, ગ્લીસરીન, મધ કે ઘી કાળા કુંડાળા પર ઘસવાથી ફાયદો થાય છે. બ્લીચ કરવાથી ચામડીનો રંગ ગોરો થતો નથી પણ ચામડી પરની રૂવાંટીનો રંગ ફિક્કો થવાથી રંગ બદલાયો તેમ લાગે. આમ ગોરા દેખાવા વારંવાર બ્લીચનો ઉપયોગ ટાળવો જોઈએ.

**૯) તરવાથી થતા ફાયદા :** અભ્યાસમાં જણાયું છે કે નાની ઉંમરની વ્યક્તિને દમની તકલીફ હોય તેને તરવાથી ફાયદો થાય છે. તાસમાનીઆ સ્કુલ ઓફ મેડિસીનના રીસર્ચરોને જણાયું કે તરવાથી શારીરિક અને કાર્ડિયો-પલ્મનરી (હૃદય-ફેફસા) ફીટનેસ વધે છે. ઘુંટણ, કમરનો ઓસ્ટિઓ આર્થાઈટીસ હોય એમના માટે તરવું એ સારી કસરત છે, ઘુંટણ પર શરીરનું વજન આવતું નથી, વધુ ઘસારો થતો નથી, જે ચાલવા, દોડવામાં થાય. તરવામાં કંટાળો નથી આવતો. આખા શરીરમાં લોહી ફરે, લોહીનું શુદ્ધિકરણ થાય, તજાગરમી દૂર થાય.

**૧૦. પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળો :** પ્લાસ્ટીકમાં બાસ્ફેનોલ-એ (BPA) નામનું જોખમી રસાયણ હોય છે. યુરોપિયન એનવાયરમેન્ટ બ્યુરોના સર્વેક્ષણમાં જણાયું કે આ જોખમી રસાયણ હોર્મોનની કામગીરીને ખોરવે કે જાતિય વિકાસને રૂંધે છે, પુરૂષાતન ઘટાડે છે. આ રસાયણ ફુડ પ્રોસેસીંગની મશીનરીમાં વપરાતા પ્લાસ્ટિકના ડ્રમોને કારણે આપણા ખોરાકમાં ભળી આપણા શરીરને હાનિ પહોંચાડે છે. માઈક્રો પ્લાસ્ટીક અને નેનો પ્લાસ્ટીકના કણો માણસના શરીર, મગજ અને બીજા અંગોથી લઈ સગર્ભાના ભ્રુણમાં પણ વૈજ્ઞાનિકોને દેખાયા છે, જે બહુ જ ચિંતાનો વિષય છે. અલ્ઝાઈમર, કંપવા, કેન્સર જેવી બિમારી માટે પણ આ માઈક્રો અને નેનો પ્લાસ્ટીકના કણો જવાબદાર છે એવું વૈજ્ઞાનિકોને લાગે છે. માટે પ્લાસ્ટીકનો ઉપયોગ બને એટલો ટાળો.


**સોનલ આર્ટ(થાણા)** **શાંતિભાઈ : 99678 41792**

**બટકસબ, મોચી ટાંકો, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે. સાચી જરીની જુની સાડીઓ વેંચી તથા જુની સાડીઓને ઓલ્ટર કરી આપવામાં આવશે**

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.





પ્રકાશ સમીક્ષાનો શતાબ્દિ મહોત્સવ ઉજવાયા પછી પ્રતિ અંકમાં ''કોફી ટેબલ બુક''નો એક પછી એક મણકો પ્રકાશિત થઈ રહ્યો છે. જ્ઞાતિના તેજસ્વી તારલાઓની શોધખોળ કરીને, એમણે જ્ઞાતિ માટે અર્પેલ બહુમૂલ્ય સેવાઓની કદર કરેલ છે.

''કોફી ટેબલ બુક''ના લેખક શ્રી સંજય વિનયચંદ્ર શાહ પોતાની કુશાગ્ર બુદ્ધિથી રસાળ શૈલીમાં માહિતી એકત્રિત કરીને જ્ઞાતિજનોની સમક્ષ પ્રસ્તુત કરેલ છે. અવનવા ક્ષેત્રોમાં પ્રગતિ સાધીને જ્ઞાતિ માટે બહુમૂલ્ય સેવાઓ અર્પણ કરેલ છે એવા જ્ઞાતિજનોની સેવાઓ જાણવાની અમૂલ્ય તક સાંપડેલ છે. સુજ્ઞ જ્ઞાતિજનોને નમ્ર નિવેદન છે કે જરૂરથી બધા મણકાઓ વાંચીને રસાસ્વાદ માણજો.

**- રમેશચંદ જયચંદ નાગડાના જય જિનેન્દ્ર**

# ગાંધીધામનું ગૌરવ



## એડ. કેતન મધુકાન્ત લોડાયા

કોઠારા-ગાંધીધામ

Appointed as NOTARY PUBLIC

આપશ્રીની ગુજરાત સરકાર દ્વારા નોટરી પબ્લિક તરીકે નિમણુંક થવા બદલ હાર્દિક અભિનંદન સાથે આપશ્રી ઉતરોતર પ્રગતિના સોપાનો સર કરો અને સામાજિક ક્ષેત્રે અગ્રેસર રહી ગાંધીધામનું નામ રોશન કરો એવી શુભકામના.

**❁ શુભેચ્છકો ❁**

**ક. દ. ઓ જૈન કચ્છ એકમ**

**ક. દ. ઓ જૈન મહાજન, ગાંધીધામ**

**ક. દ. ઓ જૈન યુવક મંડળ, સાર્થક**

U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS

COMMITMENT
TO EXCELLENCE



OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

www.umkhona.com

CB: 11/189

# ભવિષ્યનો કમાઉ દિકરો 'સોનું'



એડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ), મો.:૯૮૭૯૫૨૨૬૪૨

દિવાળીનો તહેવાર આવે અને ધનતેરસના અવસરે આપણે ફૂલ નહિ તો ફુલની પાંખડી રૂપે એક દાગીનો જરૂર લેતા હોઈએ છીએ, પણ કેટલાક સમયથી સાંભળતા આવ્યા છીએ કે સોનું અને ચાંદીના ભાવો કૂદકે ને ભુસકે વધતા રહ્યા છે અને મધ્યમ વર્ગની પહોંચથી બહાર નીકળી ગયા છે એટલે ખરીદતા પહેલા દસવાર વિચાર કરવા પડે છે. જે ઝડપથી સોનાનો ભાવ વધારો થવા પામ્યો છે એટલા સમયમાં તો આવકમાં વધારો થતો નથી એટલે જેમણે સમય ઉપર સોનું ખરીદી લીધું તેના ઘરે ચાંદી ચાંદી થઈ ગઈ છે એટલે કે સોનું અન્ય રોકાણો કરતા વધુ વળતર આપતો થઈ ગયો છે.




એમ વિચારીએ તો સોનું આજકાલ પહેરવા કરતા સંગ્રહ કરવા વધુ ખરીદાય છે, એટલે સરકારે ગોલ્ડ બોન્ડ પણ કાઢ્યા હતા અને એમાં એટલું રોકાણ થયું કે સરકારે તે બોન્ડ બંધ કરવા પડ્યા. હાલ જે રીતે કૂદકે ને ભુસકે ભાવ વધી રહ્યા છે અને આવનારા સમયમાં ક્યાં જઈ ને અટકશે એ જ ખબર નથી. વિદ્વાનો કહે છે ભાવ ઘટી શકે છે અને અનુભવી કહે છે ભાવ વધશે. આવી અસમંજસ જેવી પરિસ્થિતિમાં હાલમાં સોનામાં ભાવ વધારાના અનેક કારણો છે, જેમાં સૌથી પહેલા મોંઘવારીના કારણે રૂપિયામાં ખરીદ શક્તિ ઘટી ગઈ છે અને બીજી તરફ ડોલરના મૂલ્યમાં વધારો થયો છે. સોનાનો ભાવ આંતરરાષ્ટ્રીય બજાર નક્કી કરે છે, ડોલર મજબૂત બનતા સોનાના ભાવ વધવા પામ્યા છે. યુદ્ધ, મંદી, રાજકીય અસ્થિરતા અને શેર માર્કેટમાં ઘટાડા જેવી પરિસ્થિતિમાં લોકો સોનામાં વધુ રોકાણો કરતા થયા છે.

સોનું એવી લીકવીડિટી છે જે તરત રોકડામાં વેંચી શકીએ. જમીનો કે અન્ય રોકાણોમાં સમય લાગે અને ભાવોમાં ઉપર નીચે થાય, જયારે સોનાનો ભાવ સતત વધતો જ આવ્યો છે. આપણા વડીલો પણ કોઈ પ્રસંગે કે તહેવાર હોય તો તે જરૂર સોનું ખરીદવાનો અવસર ચૂકતા નહીં. સોનું માત્ર શોભા માટે જ નહીં પણ મુશ્કેલ સમયમાં ભુખ્યાનું ભાથું છે. ભલે તે શરીર કરતાં વધુ તિજોરીમાં રહે, પરંતુ જ્યારે મુશ્કેલી આવે ત્યારે તે મદદ માટે પ્રથમ વિકલ્પ તરીકે બહાર આવે છે. જ્યારે પણ આપણે આર્થિક તંગીમાં હોઈએ ત્યારે લોન લેવાને બદલે આપણી તિજોરીમાં રાખેલા આ સાથીદારને યાદ કરીએ છીએ. જ્યાં સુધી રોકાણનો સવાલ છે, આપણે બધા ખાસ કરીને મધ્યમ વર્ગ, જ્યારે પણ તેમના હાથમાં થોડા પૈસા આવે છે ત્યારે સોનામાં રોકાણ કરવાનો પ્રયાસ કરીએ છીએ. પહેલાના જમાનામાં રાજાઓ પણ અન્ય મૂલ્ય ન હોવાથી સોનાની અશરફી કે સોના મહોરને મુલ્યવાન સમજી વેપાર કે વ્યવહાર કરતા હતા. અને વિનિમયમાં અવેજ તરીકે આ ચલણ હતું.

'ઓલ્ડ ઇઝ ગોલ્ડ' એટલે જૂનું સોનું વધુ ચળકાટ મારતું કારણ કે શુદ્ધતા જેટલી વધારે તેટલું સોનું મોંઘું. તેથી, રોકાણના હેતુઓ માટે સોનું ખરીદતી વખતે, ૨૪ કેરેટ અથવા ૨૨ કેરેટ જેવી ઉચ્ચ શુદ્ધતાનું સોનું પસંદ કરવાની સલાહ આપવામાં આવે છે, કારણ કે તે ઉચ્ચ આંતરિક મૂલ્ય ધરાવે છે. ૨૪ કેરેટ સોનુ ૯૯.૯૯% સોનું હોય છે જેમાં તાંબુ, નિકલ, જસત અથવા ચાંદી જેવી અન્ય કોઈ ધાતુઓ મિશ્રિત હોતી નથી. ૨૨ કેરેટ સોનું, જેને ૨૨-કેરેટ સોના તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમાં ૯૧.૬૭% શુદ્ધ સોનું ૮.૩૩% મિશ્ર ધાતુઓ જેમ કે તાંબુ, ચાંદી, જસત અથવા નિકલ સાથે મિશ્રિત હોય છે. હવે તો ૧ ગ્રામ સોનાના દાગીના પણ મળે છે, જેની વેચાણ વેલ્યુ નહિવત રહે છે.

ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન પ્રમાણે છેલ્લા ઘણા સમયથી ઘરેણા કરતા સોના ચાંદીની લગડીની ખરીદી વધી રહી છે. મોટા માણસો કરતા નાના માણસો ભવિષ્યમાં સોનાના ભાવ હજી પણ વધશે એ ડરના કારણે ખરીદી કરી રહ્યા છે અને આ ૨૫ વર્ષનો ગ્રાફ જોતા શેર કે અન્ય રોકાણો કરતા સોનું હમેશા લાભદાયક રહેવાનું છે એવું જણાય છે.

આ બધું 'જો અને તો' ની વાતો છે, વિશ્વ બજાર ઉપર યુદ્ધ, વિદેશનીતિ, ટેરીફ, આર્થિક વ્યવસ્થા વિગેરે પરિસ્થિતિને ધ્યાનમાં લઇ વિચાર્યા વગર સોનું ખરીદવું જોઈએ નહીં પણ વાર તહેવારે જરૂરથી સોનું વસાવતા રહેવું જોઈએ. મોટાભાગના પરિવારમાં બે બાળક હોય છે અને સોનાને હવે ત્રીજો બાળક માનવામાં આવે છે. જે ખર્ચ તમે બાળકો પાછળ કરો છો એટલી જ રકમ સોનામાં પણ રોકાણ કરો તો ૨૫ વર્ષ પછી બાળકો કરતાં સોનું વધારે વળતર આપશે એમાં શંકાને કોઈ સ્થાન નથી.


MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**SALE - SALE - SALE**

**એમ્બ્રોયડરી સાડીઓનું ભવ્ય....SALE**

**20% To 50% Discount**

- 30% Dis. મશીન પારસી સાડી, કુર્તી, દુપટ્ટા, બોર્ડર, બટવા
- 30% Dis. Fancy Party Wear Saree.
- 20% Dis. બાંધણી સાડી, દુપટ્ટા.
- 20% Dis. કોટા એમ્બ્રોયડરી તથા વીવીંગ સાડી.
- 20% Dis. Readymade પંજાબી સુટ
- 30% Dis. પ્લેન પોત (અનેક વેરાયટી)
- 40% Dis. Hand Work પારસી ગારા સાડી, દુપટ્ટા
- **SPL OFFER:** 50% Dis. Fancy એમ્બ્રોયડરી કારીગરની Fresh સેમ્પલ સાડી ઉપર (Limited Stock)
- પારસી વર્કના ચણીયા-ચોળીમાં અવનવી ડિઝાઈનનું કલેક્શન.
- જુની સાચી જરીની સાડી, ચણીયા-ચોળી, ઘરચોળા, બોર્ડર, સેલા સાચી જરીની બટકસબ-આરીવર્કની સાડી, ચણીયા-ચોળી બજાર કરતા વધારે ભાવથી વેંચવા આજે જ અમારા શો-રૂમની મુલાકાત લો.

**SUNDAY OPEN TILL DIWALI**

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.ર, સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

**M. : 91 3714 6272 / 96195 54801**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ


## ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**તા. ૨૬.૧૦.૨૫ થી ૨૭.૧૦.૨૦૨૫ :** જખૌ ખાતે બિરાજમાન વિકમશી પરીવારના કુળદેવી શ્રી સચ્ચા માતાજીના ભોઇ માની ગંધી બદલી તથા પોડશા દાદાના ભુવા ચયન વિધિઃ જખૌ સ્થાનકે.

**તા. ૩૦.૧૦.૨૦૨૫ :** વારાપધરમાં બિરાજમાન લાલકા પરિવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ૧૫ મા ધ્વજારોહણ, પહેડી પ્રસાદ તથા હવન મહોત્સવઃ વારાપધર સ્થાનકે.

**તા ૦૨.૧૧ થી ૦૫.૧૧.૨૦૨૫ :** શ્રી ક.દ.ઓ. કુરુવા પરીવાર આયોજિત કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદાજીની પહેડી તથા ચંદીપાઠ

**તા. ૦૩.૧૧.૨૫- ૦૪.૧૧.૨૫ :** કચ્છ જખૌ મધ્યે બિરાજમાન છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાની ગંધી બદલાવવી તા.૩.૧૧.૨૦૨૫. કાઠીયારાપીરની ગંધી તા.૪.૧૧.૨૦૨૫.

**તા. ૦૫.૧૧.૨૦૨૫ :** વારાપધરમાં બિરાજમાન લોડાયા પરીવારના કુલદેવી શ્રી સચ્ચાઇ માતાજીના ભોઈમાની ગંધી (ચુંદડી) બદલી પ્રસંગઃ સવારે ૯.૦૦ ક. થી.

**તા. ૦૫.૧૧.૨૦૨૫ :** ગોશર પરીવાર, બાયઠ ના કુળદેવી શ્રી ઓશીયા માતાજીની ધ્વજા : કારતક સુદ પૂનમ. તા. ૦૫.૧૧.૨૫ઃ બાયઠ સ્થાનકે.

**તા. ૦૯.૧૧.૨૦૨૫ :** સમસ્ત ક.દ.ઓ. છેડા કુળના કુળદેવી અંબા માતાજીની સમુહ પહેડીઃ તા. ૦૯.૧૧.૨૦૨૫, સવારે ૯.૧૫ ક.થી મુલુંડ.

**તા. ૧૬ થી ૨૭ નવેમ્બર ૨૦૨૫ :** શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન નાસિક : શ્રી સીમંધરસ્વામી નુતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ, નાસિક

### નમ્ર નિવેદન :

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

# રાવણ વિજય દશમી ના દહન થશે અને પછી પ્રજ્વલિત થઈને પ્રકાશિત પણ થશે..!

શું ફરક છે દહન થવામાં અને પ્રજ્વલિત થઈને પ્રકાશિત થવામાં!!? ક્રિયા તો એક જ છે બન્નેમાં આગ લગાડવાની.

ચાલો, શું ફરક છે દહન અને પ્રજ્વલનમાં, ધર્મ અને આધ્યાત્મમાં, અને આ વાતોનો શું સંબંધ છે રાવણના ચરિત્રથી, એના ઉપર થોડું ચિંતન કરીએ. આજે રાવણ દહનને થોડા જુદા દષ્ટિકોણથી જોઈએ.

ઘણી વખત કોઈ અહંકારી વ્યક્તિને આપણે કહીએ છીએ, ઘમંડ તો રાજા રાવણનો પણ રહ્યો નહીં!

આ રીતે આપણે જાણે રાવણને ઉપાલંભ આપીએ છીએ..!!

રાવણ મહાજ્ઞાની, મહાતપસ્વી, મહાભક્ત અને શિવતાંડવ સ્તોત્રના રચયિતા હતા. ભક્તિ તો એમનામાં અજોડ હતી. આપણામાં તો એમની સરખામણીમાં ગુણ બહુ ઓછા છે, છતાંય આપણે હવામાં રહીએ છીએ!!

વિચારજો, રાવણ જેટલા ગુણ હોત, તો આપણે ક્યાં હોત!!!??

રાવણ સારા રાજા હતા તેનો પુરાવો એ જ કે હંમેશા કહેવાય છે - પૂરી લંકા સોનાની હતી! ક્યાંય આવું નથી સાંભળ્યું કે ફક્ત રાવણનો મહેલ જ સોનાનો હતો. એનો અર્થ એ કે રાજાએ પોતાની પ્રજાનું જીવનસ્તર પોતાના જેટલું જ ઊંચું રાખ્યું હતું, ભેદભાવ વિના! આવું બીજે કોઈ રાજા વિષે કહેવાયું નથી.

તો પછી ખામી શું હતી!!?

ખામી એ હતી કે રાવણ ધાર્મિક તો ઘણાં હતા, પણ આધ્યાત્મિક ન હતા! આપણે ભારતીયો ઘણી વખત ધર્મ અને આધ્યાત્મને એક જ માનવાની ભૂલ કરીએ છીએ.

ધર્મ એટલે બહારના ક્રિયા-કાંડ, પૂજા-અર્ચના, તપ, નામજપ અને પરંપરાગત નિયમ-રીતીઓનું પાલન. ધર્મ સમાજમાં શિસ્ત જાળવે છે અને આપણામાં આત્મશક્તિ ભરે છે.

આધ્યાત્મ એટલે અંદરની યાત્રા, આત્મા અને પરમાત્માની શોધ. ધ્યાન, આત્મચિંતન અને સાચા જ્ઞાનનો માર્ગ.

ધર્મ આધ્યાત્મ તરફ લઈ જઈ શકે છે. પણ ધાર્મિક વિધિઓ, પૂજા પાઠ તીર્થાટન તપસ્યા કરતાં કરતાં સાથે સાથે સાંસારિક કૂળ કપટ કુથલી અહમ પણ મન અને વ્યવહારમાં ચાલતું હોય તો આ બધાંનું જે શ્રેષ્ઠ ફળ મેળવી શકાય છે, એની માત્રા ઘણી ઓછી થઈ જાય છે. આધ્યાત્મિક જાગૃતિ હોય તો આપણે મનને સદબુદ્ધિ તરફ કેળવી શકીએ છીએ. માત્ર ધાર્મિક કૃત્યોથી આત્માની ઊંડાઈ સુધી પહોંચવું શક્ય નથી.

દરેક ધાર્મિક વ્યક્તિ આધ્યાત્મિક હોય એવું જરૂરી નથી. પણ હોય તો આના જેવું રૂડું કાંઈ નહીં. જ્યારે ધર્મ સાથે આધ્યાત્મિકતા મળે, ત્યારે જ ધર્મથી મળેલી શક્તિનો સદુપયોગ થાય છે.

રાવણના પ્રસંગમાં એવું જ થયું. ધર્મથી મળેલી શક્તિનો ઉપયોગ તેમણે પોતાના દુર્ગુણો - ઘમંડ અને કામ - ને પોષવામાં કર્યો. ફળસ્વરૂપ, પોતાના સાથે પોતાનાઓને પણ વિનાશ તરફ દોરી ગયાં.

રાવણના દસ માથા શારીરિક હતા કે પ્રતિકાત્મક, એ રહસ્ય છે પણ એમને દસ તમોગુણો (કામ, ક્રોધ, માન, મોહ, માયા વગેરે) નું પ્રતિક માની શકાય.

જ્યારે રામનું બાણ લાગ્યું ત્યારે પુણ્ય પ્રતાપે એમનામાં પોતાના અવગુણો અને દુષ્કૃત્યો પ્રત્યે (realization) જાગૃત થયો. પુણ્ય પ્રતાપ એટલે કહ્યું કે ઘણી વાર અહમના પડળો એટલા સખત હોય છે કે દુનિયા સામે કબૂલ કરવું તો દૂર, માણસ પોતાની અંદર પણ પોતાની ભૂલોને સ્વીકાર

કરવામાં અટકે છે. રાવણ, જેઓ ઘોર અભિમાની હતા, તેમણે મૃત્યુશૈયા પર પ્રગટપણે પ્રાયશ્ચિત કર્યું અને રામ તથા પરિવાર સાથે અંતિમ સંવાદ કર્યો. આ એમનાં અવગુણોનું દહન થયું અને એમાંથી આધ્યાત્મનો પુણ્ય અગ્નિ પ્રજ્વલિત પ્રગટ થયું. દહન કરતી અગ્નિ પ્રાયશ્ચિતના પુણ્યપ્રકાશમાં પરિવર્તિત થઈ ગઈ.

રાવણના જીવનને જ્યારે નિષ્પક્ષ નજરથી જોઈએ છીએ, એમનાં દોષોને justify કર્યા વિના, ત્યારે ઘણું ખુલ્લું પડે છે.

હા, પોઝિટિવ-નેગેટિવ બન્ને દરેકમાં હોય છે, ફક્ત તેનો ratio / અનુપાત અલગ હોય છે. સીતા-હરણને કોઈ justification આપી શકાતું નથી, અને એની સજા પણ એમને કઠોર રીતે મળી.

રાજ્ય, પરિવાર, પ્રજા - બધું જ ગુમાવ્યું. પરંતુ એક ઉત્તમ બાબત હતી, એનો પશ્ચાતાપ. જેણે અગ્નિને પાપ-દહનથી દિવ્ય-પ્રકાશમાં ફેરવી દીધું.

ઘણા લોકોને ભૂલનો અહેસાસ જ નથી થતો. અને જો થાય તો અહંકારને કારણે સ્વીકારતા નથી. પરંતુ રાવણ જેવા અભિમાની વ્યક્તિએ સૌની સમક્ષ પોતાના પાપનો સ્વીકાર કર્યો, પ્રાયશ્ચિત કર્યું - આ બહુ મોટી વાત છે.

(તેમની ભક્તિ કેટલી ઉત્તમ હતી તેનું ઉદાહરણ - એક વખત તેમની વીણાનો તાર તૂટ્યો, તો ભક્તિમાં ખલેલ ન પડે એ માટે પોતાની એક નસ કાપીને તાર તરીકે વાપરી!)

એક બાજુ ઉત્તમ ભક્ત અને બીજી બાજુ અહંકારી-કામી! ઉત્તમ સકારાત્મકતા અને ઊંડી નકારાત્મકતાનું અનોખું સંમિશ્રણ હતા તે. એટલા માટે જ, ફક્ત ધર્મ નહિં, પણ આધ્યાત્મનું મનન કરવું જરૂરી છે. ત્યારે જ ધર્મથી મળેલી શક્તિનો સાચો ઉપયોગ થઈ શકે.

.. Conditional unconditional..

**- લીના હિરેન શાહ(લોડાયા)**

વરાડીયા (વડોદરા)

મો. : 98677 54928

**વનિતા વિશ્વ** પાના નં. ૭નું અનુસંધાન

૫. ચોમાસામાં મીઠું બહુ ભેજવાળું થઈ જાય. એમાં ૫-૧૦ લવિંગ અથવા થોડા ચોખાના દાણા નાખી દઈએ તો ભેજ નથી થતો.

હવે એક હલકી ફુલકી મજેદાર કવિતા, જે કોણે લખી છે તેની ખબર નથી પણ મને આ કવિતા મોકલનાર છે માતુશ્રી હંસાબેન હીરાચંદ પટેલ-બાંડિયા (ઐરોલી). વારંવાર વાંચજો તો ઓર મજા આવશે.

**ચા અને ચોઘડિયા**

